મુંબઈ સમાચાર વરાઈટી
સાપ્તાહિક • મુંબઈ • તા. ૧-૪-૨૦૧૨



# કળિયુગનો દાનવ: ઓટિઝમ

## વિશ્વભરમાં ઓટિઝમના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે ત્યારે સમય વર્તે સાવધાન

પ્રિયંકા વિસરીયા - નાયક

‘આજે ક્રિશે મારી સાથે બહુ મજાક ઉડાવી છે. મને એવી વાતો નહીં જ ગમે. આજે તો હું મમ્મીને એની ફરિયાદ કરીશ જ. હું મમ્મીને કહી દઈશ કે એને ઘરમાં પણ ના આવવા દે...’ સાડાત્રણ વર્ષનો કબીર વિચારી રહ્યો હતો, પરંતુ એ ઘરે જઈને કશું જ ન કહી શક્યો. શબ્દોએ એનો સાથ ન આપ્યો. શબ્દો સરી નહીં ડરી જતા હતા અને તે ડરીને ગુમસૂમ થઈ જતો હતો... ના, કબીર માનસિક બીમાર નહોતો, પણ કંઈક તો એવું હતું જે કબીરના માંહ્યલાને કોરી ખાતું હતું. કબીરના બાળપણને ગ્રહણ લાગ્યું હતું ‘ઓટિઝમ’નું. મેડિકલ સાયન્સે પ્રગતિનાં ઢગલો સોપાન સર કર્યાં હોવા છતાંય ઓટિઝમની સારવારમાં એનું પાનું ટૂંકું પડે છે. એમાંય મોટી વયે લગ્ન કરવાનો ટ્રેન્ડ, સ્ટ્રેસફુલ લાઈફ, પ્રદૂષણ, યુવતીઓમાં વધી રહેલું સ્મોકિંગ અને આલ્કોહૉલનું પ્રમાણ વગેરે અનેક કારણોથી તેમના બાળકમાં ઓટિઝમનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આવતી કાલે ઊજવાઈ રહેલા ‘વર્લ્ડ ઓટિઝમ ડે’ના અવસરે ભારતીયો સમય વર્તે સાવધાન બને એમાં જ ભલીવાર છે.

ઓટિઝમની વાત કરી રહ્યા છીએ ત્યારે ‘માય નેમ ઈઝ ખાન’નો શાહરુખ યાદ આવી રહ્યો છેને! વર્ષ ૧૯૪૩માં પહેલવહેલી વખત ‘ઓટિઝમ’ની બીમારી ધ્યાનમાં આવી હતી. સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનના આંકડાઓ અનુસાર વર્ષ ૧૯૮૦માં પ્રત્યેક ૨૦૦૦ બાળકદીઠ એક બાળક, વર્ષ ૧૯૯૦માં ૧૦૦૦ બાળકદીઠ છ બાળક અને અત્યારે પ્રત્યેક ૧૧૦ બાળકદીઠ ૧ બાળક ઓટિઝમનો શિકાર જોવા મળે છે. ભારતમાં ૪૦ લાખ લોકો ઓટિસ્ટિક હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૨ની સરખામણીએ ઓટિસ્ટિક બાળકોની સંખ્યામાં ૫૭ ટકાનો વધારો જોવા મળે છે. ઓટિસ્ટિક છોકરાઓની સંખ્યામાં ૬૦ ટકા જ્યારે છોકરીઓની સંખ્યામાં ૪૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. ઓટિઝમની ગંભીરતા આંકડાઓમાં નજરે ચડે છે. પ્રત્યેક ૧૨૦૦ બાળકદીઠ ૧ બાળકને લ્યુકેમિયા, ૩૦૦ બાળકદીઠ એક બાળકને પિડિયાટ્રિક એઈડ્સ, ૫૦૦ બાળકદીઠ એક બાળકમાં ડાયાબિટીસ જોવા મળે છે, જ્યારે પ્રત્યેક ૧૧૦ બાળકદીઠ એક બાળક ઓટિઝમનો શિકાર હોય છે. ઓટિઝમ માટે કોઈ દવા શોધાઈ ન હોવાને કારણે મેડિકલ જગત પણ મૂંઝાયેલું છે. એલોપથીએ જ્યારે હાથ ઊંચા કરી દીધા છે ત્યારે હોમિયોપથી ઓટિસ્ટિક બાળકો માટે આશીર્વાદ બની હોવાના પણ અનેક બનાવો જોવા મળે છે. ઘાટકોપરમાં રહેતા પાર્થિવ ઘેલાણી (નામ બદલ્યું છે) જણાવે છે કે ‘અત્યારે મારો દીકરો ૧૦ વર્ષનો છે, પરંતુ તે છ વર્ષનો થયો ત્યારે અમને ખબર પડી કે એને ઓટિઝમની બીમારી છે. એ ખૂબ શાંત રહેતો, ઓછું બોલતો, પણ નાચતો-કૂદતો બહુ જ, એકની એક પ્રવૃત્તિ વારંવાર કર્યા કરતો. અમે અનેક દવા કરાવી, સ્પીચ થેરપી કરાવી, પણ નિષ્ફળ રહ્યા. હોમિયોપથી શરૂ કરી ને આજે મારો દીકરો અન્ય બાળકો સાથે શાળામાં જાય છે, તેમની સાથે ભળે પણ છે ને પોતાની લાગણીઓને વ્યક્ત પણ કરી જાણે છે.’

આવો જ કંઈક અનુભવ ઘાટકોપરમાં રહેતાં સરયૂ શાહ (નામ બદલ્યું છે)નો છે. ‘મારો દીકરો અઢી વર્ષનો હતો ત્યારે પોતાને જ ખૂબ મારતો, જમીન પર આળોટ્યા કરતો, તેનું વર્તન સામાન્ય બાળકો જેવું તો નહોતું જ. અમે કેટલાક ટેસ્ટ કરાવ્યા અને તેને ઓટિઝમની અસર હોવાનું જણાયું. એક ચાન્સ તરીકે અમે હોમિયોપથીની દવા શરૂ કરી. જ્યારે પહેલી વખત હું ડૉક્ટરને મળવા ગઈ ત્યારે ત્રણ પાનાં ભરીને ફરિયાદો લખીને લઈ ગઈ હતી. હોમિયોપથીની દવા શરૂ કર્યાને હજી માંડ પાંચ જ મહિના થયા છે, પરંતુ ઘણો હકારાત્મક ફરક જોવા મળ્યો છે. પહેલાં અમે એને બોલાવતાં તો એ કોઈ પ્રતિસાદ આપતો નહીં, પરંતુ હવે તે પોતાનું નામ સાંભળીને રિસ્પોન્ડ પણ કરે છે, એની સ્પીચ પણ ઓપન-અપ થઈ છે. એ ત્રણ પાનાંની ફરિયાદોમાંથી હવે ઘણી તો

જુઓ પાનું ૮

## સન્ડે રણકાર



સંજય વિ. શાહ
sanjayvshah@gmail.com

## નહીં હોણા થા...



બોલો, અચાનક એવું થઇ ગયું કે... આ લાઇફ બહુ જ મોટી ગડબડ છે બોસ. એમાં કેટલું બધું સાવ અચાનક થઇ જાય છે. ખર્ચા પણ, ખુન્નસ પણ, મુલાકાત પણ અને વિદાય પણ. પણ જો રિયલી કરેક્ટ વાત થવી જોઇએ તો જીવનમાં પ્રેમ સિવાય કશું જ અચાનક ન થવું જોઇએ. પ્રેમમાં પોઝિટિવિટી છે એટલે એ અચાનક થાય તો ચાલે પણ...

થાય છે ઊંધું. સરસ મજાની મિત્રમંડળી જામી હોય ત્યાં અચાનક બે મિત્રો જીવ પર આવી લડી બેસે છે. ફેમિલીમાં લગ્નપ્રસંગ હોય અને એવા સારા પ્રસંગે બે સગાં બાઝી પડે છે. સોસાયટીમાં આડોશપાડોશમાં રહેનારા વાટકી વહેવાર કરવાને બદલે અચાનક વાદવિવાદ કરી બેસે છે. અચાનક થનારી આવી ખોટી વાતો અવશ્ય પછી અફસોસ કરાવે છે. શોપિંગ મોલમાં ઉત્સાહી થઇને બજેટ કરતાં બમણા પૈસા વપરાઇ જાય છે. આવો અચાનક ખર્ચ પછી મહિનો આખો સતાવે છે. વ્હોટ ઇઝ અચાનક? અચાનક એટલે ભૂલમાંય ચડવી ન જોઇએ તેવી ચાનક. કહો કે જિંદગીની રમત ચેસ છે, જેમાં દરેક ચાલ સમજીને ચાલવાની છૂટ અને બુદ્ધિ છે. તો પણ, અચાનકની લાયમાં એ રમતને માણસ લુડો અથવા સાપસીડીમાં કન્વર્ટ કરી નાખે છે. અચાનક શબ્દથી તો ઈમ્પોસિબલ અથવા ડેન્જર કરતાં વધુ ચેતવું પડે. તમે બુદ્ધિશાળી છો એ તમારા નિર્ણય ઠરાવે છે. તમારી બુદ્ધિ બહેર મારી ગઇ છે એ તમારા અચાનક લેવાયેલા નિર્ણય નક્કી કરી નાખે છે. શા માટે ન કરવું હોવા છતાં કોઇક કામ થઇ જાય? એવું થવાનું ટાળવા માટે અચાનક ચડતા આફરા પર બ્રેક મારતાં શીખવું પડે. જેણે અચાનક નિર્ણય ઓછામાં ઓછા લીધા એ માણસ અહીં વધુમાં વધુ સેફ અને સિક્યોર્ડ છે. મારા હાથે શું થશે એ મારા હાથે નક્કી કરવાનું હોય, નહીં કે મારી વીપરેલી બુદ્ધિએ. હજીયે ક્યાં મોડું થયું છે. અચાનક જો ખ્યાલ આવી જાય કે અચાનક એવી ભૂલ કરવી જ નહીં કે સાવ અચાનક લાઇફની વાટ લાગી જાય... ■

## ઓપિનિયન



પિન્કી દલાલ
pinkidalal@gmail.com

# દેશભક્તિ એટલે?

## સેના આઈસીયુમાં હોય તો પણ દેશવાસીએ ‘તીન બંદર’ બનીને બેસી રહેવું?

જાગતે રહો... એક બુલંદ સાદ વર્ષો પૂર્વે નાનાં શહેરોમાં, ગામમાં મધરાતે જરૂર સંભળાતો. એ વાત જુદી છે કે એ દૃશ્ય હવે ભૂતકાળ થઈ ચૂક્યું છે, પરંતુ ઘણી વાર પોતાની રાતની નીંદર હરામ કરી ડ્યુટી કરતા આ દાંડિયાને શિરપાવ શું મળતો? ‘..., રાત્રે પણ જંપવા નથી દેતો!!’ આવી જ કંઈક પરિસ્થિતિ આર્મી ચીફ વી. કે. સિંહ સાથે નથી થઈ રહી?

ઉંમર વિવાદમાં ઘેરાયેલા આર્મી ચીફ પોતાની નિવૃત્તિ સામે જ્યારે માત્ર ને માત્ર બે મહિના બાકી હોય ત્યારે મનમાં આવે તેમ ગમે તે બોલી નાખે તેવી થિયરી ચલાવનાર માત્ર બાલિશ જ નહીં, દ્વેષપૂર્ણ પણ છે. એ વાત તો સજ્જડ છે કે આર્મી ચીફ વી. કે. સિંહની પ્રતિષ્ઠા ભારે છે. તેમના હિતશત્રુઓ પણ વી. કે. સિંહને ઈમાનદાર અને સ્પષ્ટવક્તા માને છે. જ્યારે એવા ચીફે પોતાની ઉંમર માટેના વિવાદ માટે રુશવત ન સ્વીકારવાની વાત શું કરી તેમની તમામે તમામ લાયકાત જાણે વરાળ થઈ ગઈ! એટલું જ નહીં, આર્મી ચીફે પ્રધાનમંત્રીને મહિના પૂર્વ લખેલા લશ્કરના હાલ-હવાલ વિષેના પત્રને પણ પબ્લિસિટી સ્ટંટમાં ખપાવી દેવાયો!

વાત માત્ર શોચનીય જ નહીં, દુર્ભાગ્યપૂર્ણ પણ છે. ચોક્કસ રાષ્ટ્રપ્રેમી નેતાઓ અને દેશવાસીઓ માનવા લાગ્યા છે કે જનરલે આ પત્ર લખીને દુશ્મનો પાસે ઘરની નબળાઈ છતી કરી દીધી છે, પરંતુ આ થિયરી ચલાવનાર ભૂલી જાય છે કે આ નબળાઈથી, આ રોગથી માત્ર સંસદસભ્યો અને ભારતીય પ્રજા કદાચ સંપૂર્ણપણે વિદિત ન હોય તે શક્ય છે, પરંતુ, પાકિસ્તાન અને ચીન તો ભારતના સૈન્યની રજેરજ નબળાઈઓથી વાકેફ છે. જો એમ ન હોત તો ભારતની સરખામણીમાં નખ જેવડું પાકિસ્તાન ભારતને વારે-તહેવારે નહોર ભેરવી લોહીલુહાણ કરી શકે? પોતાની શક્તિથી મુસ્તાક ચીન મન ફાવે ત્યારે ભારતની માલિકીના અરુણાચલ, હિમાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી કંઈ ચીતરી જઈ શકે? સ્ટેપલ વિઝાનું ડીંડવાણું કરી વિના કોઈ કારણ ભારતને ટપલી મારી જઈ શકે?

પરિસ્થિતિ તો એ છે કે પાડોશી દુશ્મન દેશો દ્વારા વધતી જતી દહેશતગર્દી અને દાદાગીરી જ એ વાતનો બોલતો પુરાવો છે કે ભારતીય સૈન્યની ક્ષમતા સંકોચાતી ચાલી છે. શક્તિ ક્ષમતાનો ભાગાકાર તેમ દુશ્મનોની દહેશતગર્દીનો ગુણાકાર. જેને પરિણામે પરિસ્થિતિ માત્ર સરહદ બહારથી નહીં, આંતરિક સ્તરે પણ બગડી છે. આજે ભારતનો ૪૦ ટકા આંતરિક હિસ્સો માઓવાદીગ્રસ્ત છે, બાકી રહ્યો સરહદ વિસ્તાર ત્યાં દુશ્મન છાવણીઓ ધમધમી રહી છે.




૨૦૫૦ સુધીમાં ચીનને હડસેલીને સુપર પાવર બનવાની શેખી મારનાર વિશ્વની ચોથી મોટી આર્થિક મહાશક્તિ, સુરક્ષા પરિષદના દાવેદાર અને ન્યુક્લીયર પ્રોગ્રામમાં પ્રગતિ કરવાના દાવા કરનાર ભારતની સેના કયા હાલમાં છે તેની તમામ સાચૂકલી વિગતો બહાર આવે તો જાણીને નેતાથી લઈ નાગરિકોના હાંજા ગગડી જાય.

એક પછી એક વસૂકી જતી તોપ, આકાશમાં ઉડાન ભરતાં વિમાનમાંથી કોફિનમાં પલટાઈ જતાં હેરિયર અને મિગ વિમાનો, બિસમાર, મરવાને વાંકે જીવતી સબમરીનો, બીજા વિશ્વયુદ્ધ સમયના સરંજામ આજની વાસ્તવિકતા છે.

હા, આપણી પાસે, ભારતીય સેના પાસે શસ્ત્ર-સરંજામ બેશક છે, પરંતુ એ શસ્ત્રો છે ડેકોરેશન પીસ માટે, પૂજા કરવા માટે, શમિપૂજનને દહાડે પૂજનમાં મૂકવાલાયક ખરાં, પણ સરહદ પર લડવા માટે તો હરગિજ નહીં.

જેને માટે અત્યારે આર્મી ચીફ પર માછલાં ધોવાઈ રહ્યાં છે તે રિપોર્ટ તો બે વર્ષથી પ્રચાર માધ્યમોમાં એક અથવા બીજી રીતે પડઘાતો રહ્યો છે. બે વર્ષથી લશ્કરના ઑફિસર્સથી લઈ નાનામાં નાનો જવાન જાણે છે કે ભારતીય સેનાનાં તોપખાનાં વસૂકી રહ્યાં છે. શસ્ત્ર-સરંજામ જેમાં પિસ્તોલ, રાઈફલ્સ, મશીનગન્સથી લઈ નાઈટવિઝન, ટેન્ક, મિઝાઈલ્સ, ફાઈટર વિમાનો, સબમરીન તમામે તમામ સરંજામ આધુનિકીકરણ માગે છે. ૯૭ ટકા શસ્ત્ર-સરંજામ ખરેખર સરંજામ નહીં બલકે કાટમાળ છે.

ઉદાહરણો જોવાં હોય તો બોફોર્સથી જ શરૂ કરીએ. પાકિસ્તાનની સેનાના ટોપ બ્રાસ માને છે કે કારગિલ વખતે પાક. સેનાના ૮૦ ટકા જવાનોનાં અપમૃત્યુ માટે જવાબદાર બોફોર્સ તોપ હતી, પણ રાજીવ ગાંધી ને કટકીના ટેગવાળી આ તોપ હવે કોઈ ભૂલે ભોગે ખરીદવા તૈયાર નથી. ૨૮ વર્ષ પછી પણ આ હોવિત્ઝર ગાજે છે. પણ હવે મુશ્કેલી એ છે કે ત્રણ દાયકા પૂરા કરનાર ૪૧૦ તોપમાં માત્ર ૨૫૦ કાર્યરત છે. તેની બદલે એવી જ કાર્યક્ષમ ગન ખરીદવાને બદલે સરકારે બીજા વિશ્વયુદ્ધની ૧૩૦ એમએમની ગનથી કામ ચલાવ્યું છે.

ભારતીય સેના પાસે સૌથી મહત્ત્વની એવી ટેન્કનો કાફલો ૧૯૭૨ના સમયનો છે. આ રશિયા પાસે ખરીદેલી ટી-૭૨ને મારી ઠોકીને ચલાવવી પડે છે. ઉપરાંત પ્રોબ્લેમ એ છે કે તેમાં નાઈટવિઝન જેવી સુવિધા જ નથી. બીજું એ યુરોપિયન દેશોમાં લડવા ડિઝાઈન થઈ હોય તેમ ગરમીમાં તેનું તાપમાન ૬૦ ડિગ્રી પર પહોંચે છે. પંજાબ અને રાજસ્થાન સરહદ પર એમાં સૈનિક કઈ રીતે કામગીરી નિભાવે તે વિચારવું રહ્યું. આ હાલ ટી-૭૨ના છે. તેની પુરોગામી ટી-૫૫ પણ વપરાશમાં છે. જે રાત્રે આંધળી થઈ જતી ટેંકોથી માત્ર દિવસે જ યુદ્ધ લડી શકાય છે. એ જ હાલત છે L-સિક્સ્ટી અને L-સેવન્ટી ગનના. બીજા વિશ્વયુદ્ધના સમયની આઉટડેટેડ ગન્સ મિસાઈલના જમાનામાં નકામી તો છે જ છતાં, આ સ્ટેનગન એવી ખસ્તાહાલ છે કે જવાનના હાથમાંથી જો સરકી તો આપોઆપ ફાયરિંગ ચાલુ થઈ જાય અને સામે દુશ્મન ખડો હોય તો અચાનક કોમામાં સરી જાય.

હજી પણ લશ્કરના ટોપના અધિકારીઓને નાઈન એમએમની પિસ્તોલ આપવામાં આવે છે. જેનું અસ્તિત્વ હવે દુનિયાભરમાં રહ્યું નથી. દુશ્મનને હણવા તો ઠીક માત્ર આત્મહત્યા કરવા ચાલી શકે તેવી પિસ્તોલને સુરક્ષામંત્રી ધારે તો ૩૨ રાઉન્ડ ફાયર કરતી ૨૦૦ ગ્રામની પિસ્તોલ સાથે તબદીલ કરી શકે પણ તે અંગે કોઈ વિચારણા કરવામાં આવી નથી. આ વર્ષે ચીને જે રીતે પોતાના લશ્કરી બજેટમાં જંગી વધારો કર્યો તે ધ્યાનમાં રાખીને કદાચ આપણે બજેટમાં બે, પાંચ નહીં પણ ૧૭ ટકા વધારાનો હનુમાન કૂદકો મારવો પડ્યો અને રૂ. ૧,૯૩,૪૦૭ કરોડ માત્ર ને માત્ર સંરક્ષણ ક્ષેત્રે ફાળવવામાં આવ્યા. અલબત્ત, એક અભિપ્રાય એવો પણ છે કે છેલ્લા પાંચ દાયકાથી ભારતીય સેનાએ એવી તો પ્રગતિ કરી છે કે સૈન્યની ક્ષમતામાં ૮૦ ટકા સુધારો થયો છે. જો વાત આટલી સુખદ હોત તો કેગના અહેવાલને ખોટો માનવો રહ્યો.

આજે પરિસ્થિતિ એવી છે કે ચીન તો સુપર પાવર છે જ પરંતુ પાકિસ્તાનની સ્થિતિ પણ મસલ્સ પાવરમાં ભારતથી બહેતર કક્ષામાં છે. આજે ચીન પાસે ભારતીય સમુદ્રી સીમાને નિશાન બનાવવા ૬૦ સબમરીન છે. જેમાંની ૧૦ અત્યંત હાઈટેક એટોમિક એનર્જી આધારિત છે, જે દિવસો સુધી પાણી નીચે રહી પોતાના નિશાન તરફ ગતિ કરી શકે છે. જેની સરખામણીમાં ભારત પાસે કુલ ૧૪ સબમરીન છે. જેમાંથી ચાલુ હાલતમાં છે માત્ર પાંચ. આમાંથી મોટા ભાગની સબમરીન ૨૦થી ૨૪ વર્ષ જૂની છે (આ વાત કેગના રિપોર્ટમાં પણ છે) જેની ૭૫ ટકા લાઈફ પૂરી થઈ ચૂકી છે. ડીઆરડીઓ વિદેશી મિત્રોની મદદથી યથાશક્તિ પોતાનું યોગદાન આપે છે છતાં નવી સબમરીનો ઉમેરાશે ત્યારની વાત ત્યારે પણ ૧૦ જ વર્ષમાં બીજી પાંચ સબમરીનને વિદાય આપવી પડશે.

આ તો થયો માત્ર એક ઊડતી નજરથી અહેવાલ.

જ્યારે જ્યારે લશ્કરી બજેટ આવે તેમાં ડીઆરડીઓ

જુઓ પાનું ૮